<table>
<tr><td>મળ્યા તારીખ</td><td colspan="3">૦૬ / ૦૨ / ૨૦૨૩</td></tr>
<tr><td>નોંધણી તારીખ</td><td colspan="3">૦૬ / ૦૨ / ૨૦૨૩</td></tr>
<tr><td>ફેંસલ તારીખ</td><td colspan="3">૨૧ / ૦૭ / ૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">અવધિ</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૩</td><td>૦૫</td><td>૧૫</td></tr>
</table>

**આંક :**

## કેશોદના નામદાર સ્પેશ્યલ જજ (પોકસો) તથા એડિશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.કેશોદ, જી.જુનાગઢ.

## <u>સ્પેશ્યલ (પોકસો) કેસ નં. ૦૨ / ૨૦૨૩</u>

<u>માળીયા હાટીના પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૩૦૩૬૨૨૦૪૨૩/૨૨</u>
ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬ તથા પોકસો એકટની કલમ–૮, ૧૨ મુજબ

| | |
|---|---|
| ફરીયાદ પક્ષ | શ્રી સરકાર,<br>મૂળ ફરીયાદી : હીરાભાઈ ગોવિંદભાઈ સોલંકી,<br>રહે.જામવાડી, તા.માળીયા હાટીના. |
| ફરીયાદ પક્ષ તરફે | વિધ્વાન એ.પી.પી. શ્રી ડી. સી. ઠાકર |
| આરોપી પક્ષ | વનરાજભાઈ રામજીભાઈ સોંદરવા,<br>ઉ.વ. : ૨૪, ધંધો : મજુરી,<br>રહે.જશાપરા, તા.માળીયા હાટીના. |
| આરોપી પક્ષ તરફે | વિધ્વાન વકીલ શ્રી જે. વી. ખાણીયા |

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૧/૧૨/૨૦૨૨ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૪/૧૨/૨૦૨૨ |
| આખરી અહેવાલની તારીખ | ૦૧/૦૨/૨૦૨૩ |
| તહોમતનામાની તારીખ | ૧૫/૦૯/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ |
| ચૂકાદા માટે રાખવાની તારીખ | ૨૧/૦૭/૨૦૨૬ |

| | |
|---|---|
| ચૂકાદાની તારીખ | ૨૧/૦૭/૨૦૨૬ |

## આરોપીની વિગત

| ક્રમ | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા થઈ? | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કોડની કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧) | વનરાજભાઈ રામજીભાઈ સોંદરવા | ૨૭/૧૨/૨૨ | | ઈ.પી.કો.કલમ-૩૬૩, ૩૬૬ તથા પોકસો એકટની કલમ-૮, ૧૨ | છોડી મુકયા | -- | |

# -:: ચૂ કા દો ::-

(૧) આ કામના આરોપી વિરૂઘ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬ તથા પ્રિવેન્સન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટની કલમ-૮, ૧૨ મુજબનું ચાર્જશીટ કેશોદ પોલીસ સ્ટેશન તરફથી રજુ કરવામાં આવેલ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૧-૧૨-૨૦૨૨ના રોજ રાત્રીના આશરે ૧૨:૦૦ વાગ્યાના અરસામાં માળીયા હાટીનાના જામવાડી ગામે ફરીયાદીના ઘરેથી ફરીયાદીની સગીર વયની દિકરી ભોગ બનનાર 'એ'ને લલચાવી, ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે પોતાના હવાલાવાળી મોટર સાઈકલમાં બેસાડી અપહરણ કરી જામવાડી થી કેશોદ લઈ ગયેલ, અને કેશોદથી એસ.ટી. બસમાં જુનાગઢ થઈ સુરત લઈ જઈ, સુરતમાં બે દિવસ ફરેલ, તે દરમ્યાન આરોપીએ સગીર ભોગ બનનાર સાથે અવાર-નવાર કિસ કરી, તેણીના શરીરે સ્પર્શ કરી જાતીય સતામણી કરી ગુન્હો કરેલ.

(૩) આ કામે ફરીયાદીની ફરીયાદ અન્વયે પોલીસે તપાસની કાર્યવાહી કર્યા બાદ હાલના આરોપી વિરૂઘ્ધ સદર ગુન્હા અંગેનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ, જે હાલના સ્પેશ્યલ (પોકસો) કેસ નં.૦૨/૨૦૨૩ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ.

ત્યારબાદ સદર ગુનાના કામે આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની તમામ નકલો વિના મૂલ્યે પૂરી પાડવામાં આવેલી છે અને આરોપી સામે આંક–૫ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬ તથા પ્રિવેન્સન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટની કલમ–૮, ૧૨ મુજબના ગુન્હા સબબ તહોમતનામું ફરમાવી,તથા આંક–૬ થી આરોપીની પ્લી લેતાં, તેમાં આરોપીએ ગુના ની કબુલાત કરેલ નથી, તેથી આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) આ કેસમાં ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબના સાહેદોના મૌખિક પુરાવા નોંધવામાં આવેલા છે, તેમજ ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે.

**(અ) મૌખિક પુરાવો :–**

| અ. નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | ભોગ બનનાર 'એ' D/o. હીરાભાઈ સોલંકીની જુબાની | ૧૦ |
| ૨ | ફરીયાદી હીરાભાઈ ગોવિંદભાઈ સોલંકીની જુબાની | ૧૪ |
| ૩ | ત.ક.અધિકારી સમીરભાઈ ઈશાકભાઈ મંઘરાની જુબાની | ૩૨ |

**(બ) દસ્તાવેજી પુરાવો :–**

| <u>અ.નં.</u> | <u>દસ્તાવેજની વિગત</u> | <u>આંક</u> |
|---|---|---|
| ૧ | ભોગ બનનારનો જન્મ તારીખનો દાખલો | ૧૧ |
| ૨ | ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર | ૧૨ |
| ૩ | ભોગ બનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન | ૧૩ |

| | | |
|---|---|---|
| ૪ | ફરીયાદ | ૧૫ |
| ૫ | ગુન્હાની તપાસ બાબતે કરેલ ઈ–મેઈલ મેસેજ | ૧૫–એ |
| ૬ | બનાવ વાળી જગ્યાનું પંચનામું | ૧૬ |
| ૭ | ભોગ બનનારની મેડીકલ તપાસણી માટે પોલીસ ચાદી | ૧૭ |
| ૮ | ભોગ બનનારનું એમ.એલ.સી. | ૧૮ |
| ૯ | સરકારી પંચો ફાળવવા બાબતે પોલીસ ચાદી | ૧૯ |
| ૧૦ | ભોગ બનનારની શરીરસ્થિતિું પંચનામું | ૨૦ |
| ૧૩ | ભોગ બનનારનો કબજો શિશુમંગલને સોંપ્યાની પોલીસ ચાદી | ૨૧ |
| ૧૪ | જન્મ નોંધણી રજીસ્ટરના લગત પાનાની નકલ | ૨૨ |
| ૧૫ | આરોપીને અટક કર્યા તથા તેનો મોબાઈલ ફોન અને મોટર સાઈકલ કબજે કર્યાનું પંચનામું | ૨૩ |
| ૧૬ | આરોપીની મેડીકલ તપાસણી માટે પોલીસ ચાદી | ૨૪ |
| ૧૭ | આરોપીનું એમ.એલ.સી. | ૨૫ |
| ૧૮ | ભોગ બનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવા બાબતે કરેલ પોલીસ ચાદી | ૨૬ |
| ૧૯ | મોટર સાઈકલના રજીસ્ટ્રેશન સર્ટીની નકલ | ૨૭ |
| ૨૦ | કલમ ઉમેરાના રીપોર્ટ | ૨૮ |
| ૨૧ | એફ.આઈ.આર.ની ખરીનકલ | ૨૯ |
| ૨૨ | સ્ટેશન ડાયરીની ખરીનકલ | ૩૦ |

આ સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે મૌખિક પુરાવો તપાસેલ નથી. ફરીયાદ પક્ષ તરફથી પોતાનો પુરાવો પુરો થયાની પુરશીસ આંક–૩૩ થી રજુ કરેલી છે.

(૫) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતાં, આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ– ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન પ્રશ્નોત્તરી સ્વરૂપે નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ પોતાની વિરૂધ્ધના ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે, તેમજ તેઓએ પોતાના બચાવમાં સોગંદ ઉપર પુરાવો આપવા કે બચાવના સાહેદો તપાસવા ઈન્કાર કરેલ છે, તેમજ વિશેષમાં તેઓ સામે ખોટી ફરીયાદ કરેલ છે, તેઓ નિર્દોષ છે તેમ જણાવેલ છે.

(૬) સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી ડી. સી. ઠાકર તથા બચાવ પક્ષે આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી જે. વી. ખાણીયાની વિસ્તૃત મૌખિક દલીલો સાંભળી.

(૭) ઉપરોકત હકીકત જોતાં, મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હતી ?

(૨) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૧–૧૨–૨૦૨૨ના રોજ રાત્રીના આશરે ૧૨:૦૦ વાગ્યાના અરસામાં માળીયા હાટીનાના જામવાડી ગામે ફરીયાદીના ઘરેથી ફરીયાદીની સગીર વયની દિકરી ભોગ બનનાર 'એ'ને લલચાવી, ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે પોતાના હવાલાવાળી મોટર સાઈકલમાં બેસાડી અપહરણ કરી જામવાડી થી કેશોદ લઈ ગયેલ, અને કેશોદથી એસ.ટી. બસમાં જુનાગઢ થઈ સુરત લઈ જઈ, સુરતમાં બે દિવસ ફરેલ, તે દરમ્યાન આરોપીએ સગીર ભોગ બનનાર સાથે અવાર–

નવાર કિસ કરી, તેણીના શરીરે સ્પર્શ કરી જાતીય સતામણી કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬ તથા પોકસો એકટની કલમ–૮, ૧૨ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા કરેલ છે ?

(૩) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણય તથા કારણો નીચે મુજબ છે :

(૧) હકારમાં,

(૨) નકારમાં,

(૩) આખરી હુકમ મુજબ.

## –:: કારણો ::–

**મુદ્દા નં.૧ :**

(૯) બંને પક્ષના વિધ્વાન વકીલશ્રીઓને સાંભળ્યાં તથા બંને પક્ષની મૌખિક દલીલો સાંભળી. રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાનમાં લેવામાં આવે તો, ભોગ બનનાર 'એ' સગીર વયની છે તેમ દર્શાવવા આ કામે ફરીયાદ પક્ષે આંક–૧૧ થી જામવાળી પ્રા.શાળાના આચાર્યશ્રી ધ્વારા ઈસ્યુ કરાયેલ ભોગ બનનાર 'એ'ની જન્મ તારીખનો દાખલો તથા આંક–૧૨ થી ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર રજુ કરવામાં આવેલ છે, જેમાં ભોગ બનનારની જન્મ તા.૧૨–૦૬–૨૦૦૫ દર્શાવેલ છે. ફરીયાદ પક્ષના કેસની હકીકત મુજબનો હાલનો બનાવ તા.૨૧–૧૨–૨૦૨૨ ના રોજ બનવા પામેલ છે. બનાવ વખતે ફરીયાદમાં દર્શાવ્યા મુજબ ભોગ બનનારની ઉંમર ૧૭ વર્ષ ૦૬ માસ હોવાનું જણાવેલ છે. અન્ય

તપાસવામાં આવેલ સાહેદોના પુરાવામાં તથા એફ.આઈ.આર.માં પણ ભોગ બનનારની ઉંમર ફરીયાદ આપતી વખતે વખતે ૧૭ વર્ષ ૦૬ માસ હોવાનું જણાવેલ છે. ફરીયાદ પક્ષના કેસની હકીકત તથા ફરીયાદ પક્ષે રજુ ઉપરોકત આધારભૂત દસ્તાવેજી પુરાવા અને મૌખિક પુરાવા ધ્યાને લેતાં બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી, એટલે કે, ૧૭ વર્ષની સગીર વય હોવાનું ફલીત થાય છે. કાયદાની જોગવાઈ અનુસાર ભોગ બનનાર સગીર ન હતી તેવું પુરવાર કરવાની જવાબદારી આરોપી પક્ષે રહેલ છે, પરંતુ આરોપી પક્ષ તરફથી ભોગ બનનાર સગીર ન હતી તેવું પુરવાર કરવા માટે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી, કે તેવો કોઈ ખંડનાત્મક પુરાવો પણ રેકર્ડ ઉપર આવેલ નથી, તેમજ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયેના વિશેષ નિવેદનમાં પણ આ અંગે કોઈ રજુઆત થયેલ નથી. ઉપરોકત તમામ હકીકતો ને મુદ્દા નં.૧ સાથે સાંકળતા, આંક–૧૧ થી રજુ જામવાળી પ્રા.શાળાના આચાર્યશ્રી ધ્વારા ઈસ્યુ કરાયેલ ભોગ બનનારની જન્મ તારીખનો દાખલો તથા આંક–૧૨ થી રજુ ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર ધ્યાને લેતાં, ભોગ બનનાર સગીર છે અને તેની ઉંમર બનાવ સમયે ૧૭ વર્ષ ૦૬ માસની હોવાનું ફલીત થાય છે અને તેના આધારે મુદ્દા નં.૧ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૨ :**

(૧૦) રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાનમાં લેવામાં આવે તો, સૌપ્રથમ સદર કામે ફરીયાદ પક્ષે આ કામની ભોગ બનનાર 'એ' D/o. હીરાભાઈ સોલંકીને આંક–૧૦ થી તપાસવામાં આવેલ છે, તેણીએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તેણી માળીયા મુકામે જશાપરા વિસ્તારમાં તેના પતિ વનરાજભાઈ રામજીભાઈ સોંદરવા સાથે પત્ની દરજ્જે રહે છેં અને તેની સાથે લગ્ન જીવનથી એક દિકરીનો જન્મ થયેલ છે, જેનું નામ આર્વિ છે. તેણીની જન્મ તા.૧૨ –૦૬–૦૫ છે અને તેણી તેના લગ્ન પહેલા માળીયા હાટીના નવા પ્લોટ વિસ્તારમાં

વણકરવાસમાં તેના પિતા હીરાભાઈ ગોવિંદભાઈ સાથે રહેતી હતી. તેણી ધોરણ–૧૨ સુધી ભણેલ છે, હાલ તેણી માળીયા મુકામે મેઘાલયમાં નર્સિંગનો અભ્યાસ કરે છે.

સદર ભોગ બનનાર સાહેદે વધુમાં જણાવેલ છે કે, આરોપી (તેણીના પતિ) વનરાજ માળીયા હાટીના જશાપર વાળા વિસ્તારમા કડીયા કામ કરતો હોય, જે બનાવના પાંચ વર્ષ પહેલા જામવાડી મુકામે કડીયા કામ કરવા આવેલ અને તેણીને તેની સાથે ઓળખાણ થયેલ અને એકબીજા સાથે પ્રેમ થઈ ગયેલ અને તેણી અને વનરાજ  ફોનમાં વાતો કરતા હતા. ૨૦૨૧માં તેણીની મોટી બહેનના લગ્ન વનરાજના મોટા ભાઈ સાથે થયેલા અને તેમને સબંધ થતાં તેઓ એકબીજાના ઘરે આવતા–જતા હતા અને વાતચીત કરતા હતા અને તેણી વનરાજ સાથે ફોનમાં વાત કરતી તે તેણીના પરિવારમાં ખબર પડેલ, જેથી તેણીએ પોતાના માતા–પિતાને વનરાજ સાથે લગ્ન કરવા છે તેવી વાત કરતા તેણીના પિતાજીએ ના પાડી દીધેલ. જેથી તેણીએ વનરાજને તેના ઘરેથી લઈ જવા જણાવેલ અને વનરાજ તા.૨૧–૧૨–૨૦૨૨ના રોજ રાત્રે ૧૨:૦૦ વાગ્યે મોટર સાઈકલ લઈને આવેલ અને તેણી તેના દસ્તાવેજ લઈ તેની સાથે જતી રહેલ. સૌપ્રથમ તેઓ કેશોદ ગયેલ, ત્યાંથી બસમાં બેસી જુનાગઢ ગયેલા, જુનાગઢથી સુરત ગયેલા અને વનરાજે સુરતથી તેના ભાઈને ફોન કરેલ અને કહેલ કે, અમારી પાસે પૈસા ખાલી થઈ ગયેલ છે, તેવું જણાવતા વનરાજના ભાઈ તથા પિતાજીએ કહેલ કે, તમે ત્યા રોકાવ અમે આવીએ છીએ. તેઓ ત્યાં આવેલા અને તેઓ માળીયા આવેલા. આ બાબતે તેણીના પિતાજીએ પોલીસમાં ફરીયાદ આપેલ.

સદર ભોગ બનનાર સાહેદે વધુમાં જણાવેલ છે કે, તેઓ બન્ને સુરત માં ફરેલા, પણ કયાય રોકાયેલ ન હતા કે તેઓ બન્નેએ કોઈ શરીર સબંધ બાંધેલ ન હતો. તેણીની ડોકટરની મેડીકલ તપાસણી કરાવવી ન હતી. પોલીસે તેની પુછપરછ

કરી નિવેદન નોંધેલું. તેણી શિશુમંગલ રહેવા જતી રહેલ. આરોપી તેના પતિ થતા હોય, જોયે ઓળખે છે, પોલીસે તેણીનું મેડીકલ પણ કરાવેલ અને પોલીસે તેણીનું શરીર સ્થિતિનું પંચનનામું કરેલ, તેમજ તેણીને અદાલતના રેકર્ડમાંથી તેણી નો જન્મ તારીખનો દાખલો તથા જન્મ પ્રમાણપત્ર બતાવતાં, જે તેણીએ ઓળખી બતાવી આંક–૧૧ તથા ૧૨ થી રજુ રાખેલ છે. વધુમાં, તેણીને નામદાર કોર્ટમાં નિવેદન આપવા લઈ ગયેલ, જે તેણીનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ નું નિવેદન તેણીને બતાવતા, તેમાં તેણીએ પોતાની સહી ઓળખી બતાવી આંક–૧૩ થી રજુ રાખેલ છે,અને તેણીના લગ્ન આ કામના આરોપી વનરાજ સાથે તા.૨૬–૦૩–૨૪ના રોજ થયેલા તેમ જણાવેલ છે.

આમ, સદર ભોગ બનનાર સાહેદ પોતાના નિવેદન તથા ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક હકીકતો અદાલત રૂબરૂના પોતાના સોગંદ ઉપરના મૌખિક પુરાવામાં જણાવતા ન હોય, ફરીયાદ પક્ષે ભોગ બનનારને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેણી હાલના આરોપી વિરૂધ્ધના ફરીયાદ પક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

સદર ભોગ બનનારે બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, હાલના આરોપી તેણીની મોટી બહેનના દેર થતા હોય, જેથી બનાવ પહેલા ઓળખતી હતી અને તેઓ બન્ને વચ્ચે પ્રેમ સબંધ બંધાયેલ. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી વનરાજની સાથે પોતાની જાતે ગયેલ હતી, તેને કોઈ ભગાડી ગયેલ નથી, તેણી અને આરોપી વચ્ચે પ્રેમ સબંધો રહેલ હોય, તેણી સામે ચાલીને આરોપી સાથે ગયેલ હતી અને તેઓ બન્ને વચ્ચે લગ્ન થયેલા હોય, સાંસરીક જીવનથી એક બાળક આવેલ હોય અને સાથે રહે છે.

આમ, સદર ભોગ બનનાર સાહેદે પોતાના સોગંદ પરના સરતપાસના પુરાવામાં ફરીયાદ પક્ષના કેસ મુજબની આરોપીને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત જણાવેલ ન હોય અને તેણી ફરી ગયેલ જાહેર થયેલ હોય, તેમજ તેણીને આરોપી ધ્વારા તેણી સગીર વયની હોવાનું જાણવા છતાં તેણીને લલચાવી–ફોસલાવી કે લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે તેણીના માતા–પિતાના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જવામાં આવેલ હોય કે તેણી સાથે શારીરિક અડપલા કરી, તેણીની જાતીય સતામણી કરેલ હોય તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી. આમ, સદર ભોગ બનનારનો આ અદાલત સમક્ષનો સોગંદ ઉપરનો ઉપરોકત પુરાવો ધ્યાને લેતાં હાલના આરોપીની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં.

(૧૧) ત્યારબાદ ફરીયાદ પક્ષે આ કામના મૂળ ફરીયાદી હીરાભાઈ ગોવિંદ ભાઈ સોલંકીને આંક–૧૪ થી તપાસવામાં આવેલ છે, તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ જુનાગઢ જીલ્લાના માળીયા હાટીના તાલુકાના જામવાડી ગામે વણકરવાસ વિસ્તારમાં તેમના પરિવાર સાથે રહે છે અને ખેતીકામ કરી ગુજરાન ચલાવે છે. તેમને સંતાનમા એક દિકરો અને પાંચ દિકરી છે, જેમાં સૌથી મોટી ઈલા, તેનાથી નાની સોનલ, તેનાથી નાની રંજન, તેનાથી નાની રવિના, ત્યારબાદ દિકરો વિશાલ, ત્યારબાદ આ કામની ભોગ બનનાર 'એ'. બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૭ વર્ષની હતી, તેની જન્મ તા.૧૨–૦૬–૨૦૦૫ છે.

સદર ફરીયાદીએ વધુમાં જણાવેલ છે કે, એવું બનેલ નહીં કે, તા.૨૧–૧૨–૨૨ના તેમની ભોગ બનનાર દિકરી કયાય ચાલી ગયેલ હોય, તેની તપાસ કરતા કયાય મળી આવેલ ન હોય અને તેના ડોકયુમેન્ટ જોડે લઈ ગયેલ અને તેઓને જાણવા મળેલ હોય કે, તેમની દિકરી રવિનાના દીયર સાથે તે વાતચીત કરતી હોય, જે તેઓએ પકડેલ હોય, તેથી તેઓએ તેમની દિકરી રવિનાના દીયરના

ઘરે ફોન કરતા મળી આવેલ ન હોય, તેઓએ તેને શોધેલ હોય અને તેમના જમાઈને કોઈએ ફોન કરેલ હોય અને તેમાં તેમની દિકરીએ કોઈ સાથે વાત કરેલ હોય ઘરમાં આવવા ના પાડેલ હોય તેવુ બનેલ નહીં. તેઓને અદાલતના રેકર્ડમાંથી અસલ ફરીયાદ બતાવતા, તેમાં તેઓએ પોતાના અંગુઠાનું નિશાન ઓળખી બતાવી, આં ક–૧૫ થી રજુ રાખેલ છે.

આમ, સદર ફરીયાદી પોતાની ફરીયાદ હકીકતને તથા ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક હકીકતો અદાલત રૂબરૂના પોતાના સોગંદ ઉપરના મૌખિક પુરાવામાં જણાવતા ન હોય, ફરીયાદ પક્ષે ફરીયાદીને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓ ફરીયાદ પક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

સદર ફરીયાદીએ બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓ અભણ છે, તેમને લખતા–વાંચતા આવડતું નથી, તેમજ તેમની ભોગ બનનાર દિકરી તા.૨૧–૧૨–૨૨ ના રોજ તેમની દિકરી રવિનાના ઘરે ગયેલ. તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે તૈયાર ફરીયાદમાં તેમનો અંગુઠો કરાવેલ, તેમની ભોગ બનનાર દિકરી ઘરેથી ચાલી ગયેલ હોય અને સગીર હોય તેવી ફરીયાદ તેઓએ પોલીસને આપેલ નથી, તેમની દિકરી બનાવના અરસામાં ૧૭ વર્ષની હતી. તેઓએ સ્વીકારેલ છે કે, તેમની ભોગ બનનાર દિકરીએ તેના શરીરે સ્પર્શ કરેલ હોય કે કોઈએ ચુંબન કરેલ હોય તેવી વાત તેમને કે તેમના ઘરના સભ્યોને કરેલ નહીં. તેઓએ સ્વીકારેલ છે કે, તેમની  દિકરીને લલચાવી, ફોસલાવી બદકામ કરવાના ઈરાદે સુરત લઈ ગયેલ હોય તેવું બનેલ નહીં.

આમ, સદર ફરીયાદી સાહેદનો ઉપરોકત આંક–૧૪નો સરતપાસનો

મૌખિક પુરાવો તથા આંક–૧૫ની ફરીયાદ હકીકતો જોવામાં આવે તો, મહત્વનો વિરોધાભાસ રેકર્ડ પર આવેલ છે. ફરીયાદીએ પોતાના સોગંદ પરના સરતપાસના પુરાવામાં આંક–૧૫ની ફરીયાદ મુજબની કે પોતાના વિશેષ નિવેદન મુજબની આરોપીને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત જણાવેલ ન હોય અને ફરી ગયેલ જાહેર થયેલ હોય, તેમજ તેઓની ભોગ બનનાર સગીર દિકરીને આરોપી દ્વારા તેણી સગીર વયની હોવાનું જાણવા છતાં તેણીને લલચાવી– ફોસલાવી કે લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે તેઓના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઈ જવામાં આવેલ હોય, કે તેણીસાથે શારીરિક અડપલા કરી, તેણીની જાતીય સતામણી કરેલ હોય તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી. જેથી સદર ફરીયાદીના પુરાવાથી આરોપીની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં.

(૧૨) ફરીયાદ પક્ષ તરફે આ કામના તપાસ કરનાર અમલદાર સમીરભાઈ ઈશાકભાઈ મંઘરાને આંક–૩ર થી તપાસવામાં આવેલ છે, તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, સને ર૦ર૩ના અરસામાં તેઓ સી.પી.આઈ. માંગરોળ તરીકે ફરજ પર હતા, ત્યારે આ કામના ફરીયાદીની ફરીયાદ મુજબનો ગુન્હો રજીસ્ટરે લેવામાં આવેલ, જે ગુન્હાના કામે પ્રથમ તપાસ પી. કે. ગઢવી, પી.એસ.આઈ., માળીયા હાટીનાએ કરેલી અને ત્યારબાદ માળીયા હાટીના પી.એસ.આઈ. શ્રી બી. કે. ચાવડાએ તપાસ હાથ ધરેલી. ત્યારબાદ તા.ર૭–૧ર–ર૦રરના રોજ સદર ગુન્હાના કામે પોકસો એકટની કલમનો ઉમેરો થયેલ હોય, જેથી તપાસ તેઓએ સંભાળેલી. તેમના પુરોગામી તપાસ કરનાર અમલદારે તપાસ કરેલ તે તમામ કાગળોનો અભ્યાસ કરેલો ત્યારબાદ તેઓએ ભોગ બનનાર તથા ફરીયાદીના વિશેષ નિવેદન નોંધેલ તેમજ અન્ય લાગતા–વળગતા સાહેદોના વિશેષ નિવેદન નોંધેલ. તેઓએ તપાસના કામે ભોગ બનનારની શરીર સ્થિતિનું પંચનામું પંચોની હાજરીમાં કરેલું અને આરોપીને અટક

કરવા યોગ્ય પુરાવો આવતો હોય, જેથી ધોરણસર અટક કરવામાં આવેલ. ભોગ બનનાર તથા આરોપીની મેડીકલ તપાસ અર્થે મોકલાવવામાં આવેલા, જેમાં ભોગ બનનારે પોતાની મેડીકલ તપાસ કરવાનો ઈન્કાર કરેલ હોય, જેથી ભોગ બનનારની મેડીકલ તપાસ થઈ શકેલ ન હતી, પરંતુ આરોપીની મેડીકલ ઓફીસર રૂબરૂ તપાસ કરેલ, તેઓએ આપેલ સર્ટી કામમાં સામેલ રાખેલ. તેઓની તપાસ દરમ્યાન ભોગ બનનારનું સી.આર.પી.સી.૧૬૪નું નિવેદન લેવા તજવીજ કરવામાં આવેલ, જે નિવેદન મેળવી કામમાં સામેલ રાખેલ. તેઓની સમગ્ર તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આવતો હોય, જેથી ધોરણસર ચાર્જશીટ કરેલ તેમ જણાવી તેઓએ અદાલત સમક્ષ આરોપીને ઓળખી બતાવેલ છે. વધુમાં તેઓએ પોતાના સોગંદ પરના પુરાવામાં ભોગ બનનારના નિવેદન તથા ફરીયાદીની ફરીયાદ તથા નિવેદનના કથનોને સમર્થનકારી હકીકતો જણાવેલ છે.

સદર તપાસ કરનાર અમલદારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, સાહેદોના નિવેદન ફરીયાદને અનુરૂપ જાતે લખી લીધેલ છે, કે પંચનામા પોલીસ સ્ટેશનમાં બેસી પાછળથી પંચોની સહીઓ લેવામાં આવેલ છે, કે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી તપાસ કરી ખોટું ચાર્જશીટ કરેલ છે.

આમ, સદર પોલીસ સાહેદ કે જેઓએ હાલના ગુન્હાના કામે પંચનામા કરી, સાહેદોના નિવેદન નોંધી, આરોપીને અટક કરી તેમજ અન્ય પુરાવા એકત્રીત કરી, તપાસના અંતે ચાર્જશીટ કરેલાની હકીકત જણાવેલ છે, પરંતુ સદર કામે તપાસવામાં આવેલા ભોગ બનનાર સાહેદ તથા તેણીના પિતા–ફરીયાદી ધ્વારા ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપવામાં આવેલ ન હોય, તેઓના પુરાવાની કરેલ ઉપરોકત ચર્ચા મુજબ હાલના આરોપીએ તહોમત મુજબનો ગુન્હો કરેલ હોવાનું નિ:શંકપણે રેકર્ડ પર આવતું ન હોય, જેથી સદર

પોલીસ સાહેદોનો પુરાવો ફોર્મલ પુરાવો રહેલ છે.

(૧૩) આરોપી તરફે સંમતીથી આંક–૧૬ થી આંક–૩૦ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે. પરંતુ, ખુદ ભોગ બનનાર સાહેદ તથા તેણીના પિતા/ફરીયાદીએ આ અદાલત સમક્ષના તેઓના મૌખિક પુરાવામાં હાલના આરોપી ને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત જણાવેલ ન હોય, જેથી સદર આંકે પડેલ દસ્તાવેજી પુરાવાથી પણ આરોપીની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં.

(૧૪) આમ, ઉપરોકત રજુ તપાસવામાં આવેલ ભોગ બનનાર સાહેદ 'એ' D/o. હીરાભાઈ સોલંકી તેમજ તેણીના પિતા–ફરીયાદી હીરાભાઈ ગોવિંદભાઈ સોલંકીના મૌખિક પુરાવાથી હાલના આરોપીને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ ન હોય અને સદર ફરીયાદી તથા ખુદ ભોગ બનનાર જ ફરીયાદ પક્ષ તરફે ફરી ગયેલ જાહેર થયેલ હોય, તેમજ ફરીયાદીની ભોગ બનનાર સગીર દિકરીને આરોપી ધ્વારા તેણી સગીર વયની હોવાનું જાણવા છતાં તેણીને લલચાવી–ફોસલાવી કે કોઈ લાલચ આપી બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઈ જઈ, આરોપી ધ્વારા તેણી સાથે અવાર–નવાર કિસ કરી, તેણીના શરીરે સ્પર્શ કરી જાતીય સતામણી કરેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ પર આવેલ ન હોય, જેથી ફરીયાદ પક્ષના મહત્વ સાહેદોના આ અદાલત સમક્ષના સોગંદ ઉપરના મૌખિક પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થતું નથી. આ કામે તપાસવામાં આવેલ અન્ય પોલીસ સાહેદ–તપાસ કરનાર અમલદારના પુરાવાને પણ તપાસવામાં આવેલ સદર ફરીયાદી તથા ભોગ બનનારના આ અદાલત સમક્ષના સોગંદ ઉપરના મૌખિક પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું ન હોય, તેમજ મૌખિક પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળતું ન હોય, ત્યારે માત્ર દસ્તાવેજી પુરાવા તથા પોલીસ સાહેદોના મૌખિક

પુરાવા ઉપર આધાર રાખી, આરોપીની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં, જેથી ઉપરોકત તમામ હકીકતો જોતાં, આરોપી શંકાનો લાભ મેળવવા હકકદાર હોવાનું જણાઈ આવે છે.

(૧૫) આમ, ઉપરોકત સમગ્ર પુરાવો જોતાં તથા કરેલ ચર્ચા ધ્યાને લેતાં, ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધ આંક–પ ના તહોમતનામા મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬ તથા પ્રિવેન્સન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટની કલમ–૮, ૧૨ મુજબનો ગુન્હો આરોપીએ કરેલાનું નિ:શંક રીતે પુરવાર કરવામાં નિષ્ફળ જતા હોય, આરોપીને શંકાનો લાભ આપવો ઉચિત જણાતો હોય, મુદ્દા નં.૨ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

૧) આ કામના આરોપી વનરાજભાઈ રામજીભાઈ સોંદરવાને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬ તથા પ્રિવેન્સન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટની કલમ–૮, ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં શંકાનો લાભ આપી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ હુકમ સામે નામદાર એપેલેટ કોર્ટ સમક્ષ અપીલ થવાના કિસ્સામાં તેની નોટીસ બજતાં, નામદાર એપેલેટ કોર્ટ સમક્ષ હાજર રહેવા માટે આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપીયા દસ હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા આ કોર્ટ સમક્ષ આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩) આ ગુન્હાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ મોટર સાઈકલ તથા મોબાઈલ ફોન અંગે અગાઉ કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે, અને જો કોઈ હુકમ થયેલ ન હોય તો તેના મુળ માલીકની ખાતરી કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

૪) હાલના કિસ્સામાં ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૭(એ) હેઠળ કે કેન્દ્ર સરકાર કે રાજય સરકારની કોઈપણ સ્કીમ અન્વયે ભોગ બનનારને વળતર ચુકવવા પાત્ર થતું નથી તેવું ઠરાવવામાં આવે છે, તેમજ જો તેવી કોઈ રકમ ચુકવાયેલ હોય તો તે રેવન્યુ રાહે પરત વસુલ મેળવવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ : ૨૧ મી, માહે : જુલાઈ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી કોર્ટમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

કેશોદ,
તા.૨૧–૦૭–૨૦૨૬

(**હર્ષ બાલકૃષ્ણ ત્રિવેદી**)
સ્પેશ્યલ જજ (પોકસો) અને
એડિશ્નલ સેશન્સ જજ,
કે શો દ
GJ 00576

NKM